# કાર્યનોંધ

## પ્રકાશન સમિતિની શૈક્ષણિક વર્ષ - ૨૦૧૭-૧૮ની પાંચમી બેઠક

---

તા. ૧૦-૦૪-૨૦૧૮નાં રોજ માન.કુલપતિશ્રીના કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની પ્રકાશન સમિતિની પાંચમી બેઠકનું આયોજન થયું. ગત બેઠકમાં કરેલ ભલામણો અનુસાર કરવામાં આવેલ કામગીરીને બહાલી/મંજૂરી આપવામાં આવી. આ ઉપરાંત, નવી કરવાની થતી કામગીરીની નીચેની વિગતે સમિતિએ ભલામણો કરેલ છે.

(૧.) તા.૧૨-૦૨-૨૦૧૮નાં રોજ કરવામાં આવેલ ભલામણો ક્રમ નં. ૧ થી ૧૧ અનુસાર સંશોધન-પ્રકાશન વિભાગે જરૂરી તમામ કાર્યવાહી કરેલ છે, જેની પ્રકાશન સમિતિએ નોંધ લીધી અને કરેલ કામગીરીને બહાલી આપી તેમજ આવશ્યક મંજૂરી પણ આપેલ છે.

(૨.) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં યુનિવર્સિટી પ્રકાશન વિભાગ દ્વારા તેની શ્રેણી અંતર્ગત ૨(બે) ગ્રંથો संस्कृतस्य विद्वांस: पण्डिताश्च અને श्रीराज्ञीदेविसहस्रनामनिरूपणम् પ્રકાશિત કરવામાં આવેલ છે. પ્રકાશિત કરવામાં આવેલ બંને ગ્રંથોને, તેના પ્રકાશન ખર્ચ તેમજ ચૂકવવામાં આવેલ પુરસ્કારને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૩.) "जगतिविंशतिका" (ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા) ગ્રંથની સમીક્ષા કરાવતાં બંને સમીક્ષકોએ કેટલીક શરતોને આધીન પ્રકાશનની ભલામણ કરેલ છે. પ્રકાશન સમિતિ બંને સમીક્ષકોનાં રિપોર્ટોને આધારે યુનિવર્સિટી નિયમાનુસાર ગ્રંથ પ્રકાશનની મંજૂરીની ભલામણ કરે છે. Publication Agreement તથા સમીક્ષકોની શરતો સહિત પ્રકાશન મંજૂરીનો પત્ર પાઠવીને, Publication Agreement કરીને પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૪.) સમિતિએ સર્વાનુમતે ભલામણ કરેલ છે કે યુનિવર્સિટી સ્થાપનાકાળથી એટલે કે તા.૧૨-૦૪-૨૦૦૫થી તા.૨૦-૦૬-૨૦૧૪ સુધીમાં પ્રકાશન હેતુ આવેલ ગ્રંથો/પુસ્તકો/સીડી/ડીવીડી હાલમાં સંશોધન અધિકારી પાસે પ્રાપ્ય ન હોઇ, તેનો હવાલો સંભાળતા શ્રી હિતેષભાઇ જાની પાસેથી તમામ સાહિત્ય મેળવી પ્રકાશન સમિતિની અગ્રિમ બેઠકમાં તે તમામ રજૂ કરવું.

(૫.) ૧૦૦૦-૧૦૦૦ની પ્રત સંખ્યામાં પ્રકાશિત કરેલ ડાયરી-૨૦૧૮ અને કેલેન્ડર-૨૦૧૮ની મુખ્ય જગ્યાઓએ વહેંચણી કર્યા બાદ વધતાં તમામ AIOC કાર્યક્રમ હેતુ AIOC સમિતિને જમા કરાવવા સમિતિ સર્વાનુમતે ભલામણ કરે છે.

(૬.) પોંડિચેરી સ્થિત ઈન્ટરનેશનલ સંસ્થા FIPએ પાઠવેલ પત્રની પ્રથમ વિગતે FIPએ સૂચન કરેલ છે કે વર્ષ ૨૦૧૫થી SSSU અને FIP એમ બે સંસ્થા વચ્ચે એમઓયુ થયેલ છે. પોંડિચેરી સ્થિત અન્ય ઈન્ટરનેશનલ સંસ્થા EFEO (Ecole Francaise D'Extreme-Orient, Pondicherry) ને પણ સામેલ કરી SSSU, FIP અને EFEO એમ ત્રણ સંસ્થાઓ વચ્ચે નવેસરથી એમઓયુ કરવા FIPએ અનુરોધ કરેલ છે. આ વિગતે પ્રકાશન સમિતિ પ્રો. દેવેન્દ્રનાથ પાંડેય, ડૉ. કાર્તિક પંડયા અને શ્રી રવિન્દ્ર કાલે આમ ત્રણ સભ્યોની સમિતિનું ગઠન કરી સમિતિ કાળજીપૂર્વક એમઓયુની (શરતો) ડ્રાફ્ટ તૈયાર કરવા ભલામણ કરે છે.

FIPએ પત્રની બીજી વિગતે જણાવેલ છે કે વર્ષ ૨૦૧૫માં એમઓયુ અંતર્ગત પ્રથમ ભાગમાં પ્રકાશિત કરેલ ગ્રંથ वैयाकरणसिद्धांतभूषणम्ની મોટા ભાગની પ્રતોમાં વચ્ચે વચ્ચે પાનાઓ કોરા રહેવા પામ્યા છે. આ સ્થિતિએ અંક-૨ અને અંક-૩ વેરાવળ સ્થિત લોકલ પ્રેસમાં ન છપાવતાં પોંડિચેરી સ્થિત શ્રી અરવિંદ આશ્રમ પ્રેસમાં છપાવવા FIPએ ભલામણ કરેલ છે. યુનિવર્સિટી નિયમાનુસાર પુસ્તક પ્રકાશનનું કામ ટેન્ડર માન્ય પાર્ટી પાસે કરાવવામાં આવે છે. જેને FIPએ ના પાડેલ છે. ટેન્ડર માન્ય પાર્ટી પાસે પુસ્તક પ્રકાશન (છાપકામ) ન કરાવતાં અન્ય પાર્ટી પાસે પુસ્તક પ્રકાશિત કરવું એ કાયદાકીય દ્રષ્ટિએ વિરૂદ્ધ છે. આ વિગતે FIP ને પત્ર પાઠવી સ્પષ્ટતા લઈએ કે અંક-૨માં કેટલા પૃષ્ઠોનો સમાવેશ થાય છે, કઈ સાઈઝમાં પુસ્તક તૈયાર થઈ રહ્યું છે અને શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાંથી અંક-૨ ૬૦૦ પ્રત સંખ્યામાં પ્રકાશિત કરવાનો અંદાજીત ખર્ચની વિગતો મંગાવવા સમિતિ ભલામણ કરે છે. આ

વિગતો મેળવ્યાં બાદ ફરીથી પ્રકાશન સમિતિમાંથી ભલામણ લઈ અગ્રિમ F.C./E.C.માં આ અંગેની મંજૂરી લેવા ભલામણ છે.

वैयाकरणसिद्धांतभूषणम् ના અંક-૧માં નીકળેલ કોરા પૃષ્ઠો વિષે સમિતિએ સર્વાનુમતે ભલામણ કરેલ છે કે જે તે મુદ્રકને રૂબરૂમાં બોલાવી તેનાં દ્વારા મુદ્રિત પુસ્તકમાં નીકળતાં કોરા પૃષ્ઠોનું સમાધાન કરાવીએ.

(૭) ડાયરી-૨૦૧૯નું કવરપેજ હાર્ડબાઉન્ડ રાખવા સમિતિ ભલામણ કરે છે.

(૮) ડો. ચમનલાલ રૈનાએ તેમનાં બીજા ગ્રંથને પ્રકાશિત કરવા મોકલતાં સમિતિએ ભલામણ કરેલ છે કે હાલમાં પેન્ડીંગ પુસ્તકોનું પ્રકાશન કર્યા બાદ જ અગ્રિમ સમિતિની બેઠકમાં સમીક્ષકોનાં નામ લઈ ડો. ચમનલાલ રૈનાના બીજા ગ્રંથના પ્રકાશનની કામગીરી કરવી. એક જ લેખકનો એક ગ્રંથ પ્રકાશિત કર્યા બાદ તુરંત જ બીજો ગ્રંથ પ્રકાશનમાં લેવો યોગ્ય નથી. બીજા લેખકો/સંપાદકો/અનુવાદકોનાં ગ્રંથ પ્રકાશિત કર્યા બાદ જ પ્રકાશન હેતુ સમીક્ષણ અર્થે મોકલવા સમિતિ ભલામણ કરે છે.

(૯) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રકાશન વિભાગે કરેલ કુલ ખર્ચ રૂા.૮,૦૯,૨૬૧/- ને સમિતિએ સર્વાનુમતે બહાલી આપી અને થયેલ ખર્ચને મંજૂર કરેલ છે.

(૧૦) હાલમાં પુસ્તક પ્રકાશનોના ક્રમમાં कैवल्यदीपिका, शोधज्योतिः (अंक-१), सौराष्ट्रस्य रसधारा, वाक्यार्थ ज्योतिः (अंक-२) અને ISS પુસ્તિકા રહેશે.

(૧૧) International Sanskrit Seminarનાં અંતિમ તબક્કામાં Scrutiny થયેલ ૧૦૫ લેખો પૈકી ૪૦ લેખો પ્રેસમાં છે. બાકીના ૬૫ લેખો વ્યવસ્થિત ગોઠવીને પ્રેસમાં આપીને, ઝડપથી આ કામગીરી પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે.

(૧૨) કોપ્ટ સમિતિ સભ્ય શ્રી રવીન્દ્ર કાલે, ગ્રંથપાલશ્રીએ सोमज्योतिः અંક-૧૬ અને ૧૭ પ્રકાશનની વાત કરતાં, સમિતિએ સર્વાનુમતે ૦૧-૦૭-૨૦૧૭થી ૩૦-૦૪-૨૦૧૮ સુધીની વિગતો અંક-૧૬માં તથા મે-૨૦૧૮માં આયોજિત AIOC કાર્યક્રમને ધ્યાને લઈ તેની વિગતો અંક-૧૭માં AIOC વિશિષ્ટ અંકમાં પ્રકાશિત કરવા ભલામણ કરે છે.

(૧૩) કોપ્ટ સમિતિ સભ્ય શ્રી રવીન્દ્ર કાલે, ગ્રંથપાલશ્રીએ પુસ્તક વેચાણ વિશે રજૂઆત કરી. વિવિધ ડિસ્ટ્રીબ્યુટરોએ કરેલ બે વાત રજૂ કરી. (૧) ડિસ્ટ્રીબ્યુટરોને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવું અથવા (૨) જે તે સેલર્સ/ ડિસ્ટ્રીબ્યુટરોને આપણી પુસ્તકો ૬ થી ૧૨ મહિના માટે વેચાણ હેતુ Credit (ઉધાર) પર પુસ્તકો આપવી. વિગતે ચર્ચા કર્યા બાદ સમિતિએ આ મુદ્દાને ગ્રંથાલય સમિતિની અગ્રિમ બેઠકમાં લઈ FC/EC માં જરૂરી મંજૂરી લઈ કાર્યવાહી કરવા સર્વાનુમતે ભલામણ કરેલ છે.

(૧૪) AIOC હેતુ યુનિવર્સિટી પુસ્તક વેચાણ વિભાગને (યુનિવર્સિટી સેલ્સ ડીપાર્ટમેન્ટ) પુસ્તક વેચાણ હેતુ નિ:શુલ્ક જગ્યા આપવા સમિતિ ભલામણ કરે છે.

(૧૫) આગામી સમયમાં થનાર કાર્યક્રમ AIOC તેમજ અન્ય કાર્યક્રમોને ધ્યાને લઈ યુનિવર્સિટી નામ અને લોગોવાળા નાના નોટપેડ ૨૦૦૦ ની પ્રત સંખ્યામાં પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે. જેમાં પાછળ List of Publications પણ છાપવા પ્રો. ડી.એન.પંડિયની ભલામણ છે, જેને સૌએ સહર્ષ સ્વીકારેલ છે.

(૧૬) પ્રવેશની (Admission) એક પાનાની જાહેરાત (પેમ્પલેટ) નવેસરથી તૈયાર કરી એક પેજની બંને બાજુ મલ્ટીકલરમાં પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે. પ્રકાશન સમિતિ સભ્ય/EC સભ્ય ડૉ. દિપેશ કતિરાએ આ કાર્ય પૂર્ણ કરવાની સ્વયં જવાબદારી લીધેલ છે, જેને સમિતિએ સહર્ષ સ્વીકારેલ છે અને પ્રકાશનની ભલામણ કરેલ છે.

(૧૭) કોપ્ટ સમિતિ સભ્ય શ્રી રવીન્દ્ર કાલે, ગ્રંથપાલશ્રીએ Plagiarism Softwareની વાત કરતાં સમિતિએ આ બાબતને ગ્રંથાલય સમિતિની અગ્રિમ બેઠકમાં રજૂ કરી મંજૂરી લેવા ભલામણ કરેલ છે. M.Phil અને Ph.D.નાં

થીસિસ/શોધનિબંધ Unicode Fontsમાં (Mangal/Arial Unicode MS/ Kokila વગેરેમાં) તૈયાર કરવા સમિતિએ સર્વાનુમતે ભલામણ કરેલ છે.

(૧૮) કોપ્ટ સમિતિ સભ્ય શ્રી રવીન્દ્ર કાલેએ પ્રસ્તાવ રજૂ કર્યો કે યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત ગ્રંથોને છાપકામ ન કરતાં તેને માત્ર Soft Copyમાં e-book રૂપે e-ISBN સહિત પ્રકાશિત કરીએ જેથી પ્રકાશનનો ખર્ચ ઘટાડી શકાય. આ વિગતે સંશોધન અધિકારીશ્રીએ સૌ પ્રથમ e-ISBN મેળવવાની રજૂઆત કરી. ઉપરોક્ત બાબતની વિગતે ચર્ચા કરી અને સમિતિએ સહર્ષ સ્વીકારી. કાળજીપૂર્વકની અને પુખ્ત વિચારણાને અંતે સમિતિએ ભલામણ કરેલ છે કે ભવિષ્યમાં પુસ્તકો e-bookનાં રૂપમાં પ્રકાશિત કરવાં એક સમિતિનું ગઠન કરી આ બાબતોના નીતિ-નિયમો તૈયાર કરી, અગ્રિમ સમિતિમાં તમામ નીતિ-નિયમો રજૂ કરી, અગ્રિમ E.C./A.C./F.C.માં મંજૂરી મેળવી આ દિશામાં કાર્યવાહી કરવી. આ વિગતે સમિતિનું ગઠન કરવા ભલામણ છે.

(૧૯) યુનિવર્સિટી સંલગ્ન બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય ડો. અમૃતલાલ ભોગાયતાજીનો મહાશોધનિબંધ અગાઉથી પુસ્તક સ્વરૂપે પ્રકાશન હેતુ આવેલ હતો. પત્ર મેળવેલ હતો જે પ્રકાશન સમિતિ સમક્ષ રજૂ કરતાં સમિતિએ હાલમાં યુનિવર્સિટી પ્રકાશન બજેટને ધ્યાને લઇ આગામી બેઠકમાં/સમયમાં આ ગ્રંથની સમીક્ષા હેતુ સમીક્ષકોનાં નામ સૂચવવા ભલામણ કરેલ છે. હાલમાં, અગાઉથી સમીક્ષા થઇ આવેલ ગ્રંથો પ્રકાશનમાં હોઇ પ્રકાશન બજેટને ધ્યાને લઈ અગ્રિમ પ્રકાશનમાં આ ગ્રંથને લેવા ભલામણ કરવામાં આવેલ છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી